લંડનમાં ઉજવાતો નોટિંગ હિલ કાર્નિવલ એ યુરોપનો સૌથી મોટો શેરી ઉત્સવ છે. તેમાં કેરેબિયન સંસ્કૃતિ અને વારસાની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે તેને ૬૦ વર્ષ પુરા થઇ રહ્યા હતા તે સમયે યોજાયેલી પરેડમાં જાત જાતના વેશ ધારણ કરેલા લોકો ઉમટી પડ્યા હતા અને રંગબેરંગી ફ્લોટ્સ જોવા મળ્યા હતા.

NRCની માગને પગલે મણિપુરમાં વસ્તી ગણતરી મુલતવી રખાઈ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની સમીક્ષા બેઠક બાદ નિર્ણય

ગેરકાયદે ઘૂસણખોરી અને ડેમોગ્રાફિક ફેરફારોની આશંકાના પગલે સ્થાનિક જૂથોએ NRCની માગ કરી હતી

ઈમ્ફાલ, તા. 31 (પીટીઆઈ): નાગરિક સમાજ જૂથો (સિવિલ સોસાયટી ઓર્ગેનાઈઝેશન્સ) દ્વારા નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝન (NRC) અપડેટ કરવાની માગને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે સોમવારે, 31 ઓગસ્ટના રોજ મણિપુરમાં વસ્તી ગણતરીની કામગીરી મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે.

વંશીય હિંસાથી પ્રભાવિત આ રાજ્યમાં 1 સપ્ટેમ્બરથી વસ્તી ગણતરી માટે ઘરોની સૂચિ (હાઉસ લિસ્ટિંગ) બનાવવાની કામગીરી શરૂ થવાની હતી, તેના બરાબર એક દિવસ પહેલા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી સચિવાલયના નિવેદન અનુસાર, નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં મણિપુરની વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ આ નિર્ણય લેવાયો હતો. આ બેઠકમાં મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લા, મુખ્યમંત્રી વાય. ખેમચંદ સિંહ, કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મણિપુરના લોકોની લાગણીઓ અને આકાંક્ષાઓનો આદર કરીને વસ્તી ગણતરી સ્થગિત કરવા પર સંમતિ સાધવામાં આવી હતી.

એનઆરસી લાગુ કરવાની માગ મુખ્યત્વે મૈતેઈ અને નાગા સમુદાયો દ્વારા કરવામાં આવી રહી છે. તેઓને આશંકા છે કે એનઆરસી વિનાની વસ્તી ગણતરીથી પાડોશી દેશ મ્યાનમારથી ગેરકાયદેસર ઘૂસણખોરો પ્રવેશ કરી શકે છે, જેનાથી રાજ્યના વસ્તી વિષયક માળખામાં મોટો ફેરફાર થઈ શકે છે.



ઊંડા સમુદ્રમાં બચાવ કામગીરી માટે 'INS નિપુણ' કાફલામાં સામેલ

સ્વદેશી રીતે નિર્મિત જહાજ 300 મીટરની ઊંડાઈ સુધી ડાઇવિંગ અને સબમરીન રેસ્ક્યૂ કરવા સક્ષમ

અંડરવોટર રેસ્ક્યૂ પાવરમાં ભારત વિશ્વના પસંદગીના દેશોની યાદીમાં સામેલ

મુંબઈ, તા. 31 (પીટીઆઈ): ભારતીય નૌકાદળે સોમવારે 31 ઓગસ્ટના રોજ મુંબઈ ખાતે ઊંડા સમુદ્રમાં ડાઈવિંગ અને બચાવ કામગીરી માટેના ખાસ જહાજ 'INS નિપુણ' (INS Nipun) ને નૌકાદળના કાફલામાં સામેલ કર્યું છે. નૌકાદળના વડા એડમિરલ કૃષ્ણ સ્વામિનાથનની ઉપસ્થિતિમાં આ જહાજ કમિશન કરવામાં આવ્યું હતું. ગયા વર્ષે સામેલ કરાયેલા 'INS નિસ્તાર' પછી આ પ્રકારનું આ બીજું ઊંડા સમુદ્રનું ડાઈવિંગ જહાજ છે. વિશ્વના બહુ ઓછા દેશોના નૌકાદળ પાસે આવી વિશિષ્ટ ક્ષમતા ઉપલબ્ધ છે.

આ જહાજ વિશાખાપટ્ટનમ સ્થિત હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ દ્વારા સ્વદેશી રીતે ડિઝાઈન અને નિર્માણ કરવામાં આવ્યું છે. 119.4 મીટર લાંબુ અને 10,500 ટન વજન ધરાવતું આ જહાજ 300 મીટર સુધીની ઊંડાઈએ ડાઈવિંગ કામગીરીને સપોર્ટ કરવાની ક્ષમતા ધરાવે છે. આ સિવાય તે સબમરીન બચાવ કામગીરી, આપત્તિ રાહત અને માનવતાવાદી સહાય (HADR) માટે પણ તૈનાત કરી શકાશે.

આ જહાજમાં ડાઈવિંગ કોમ્પ્લેક્સ, ડાયનેમિક પોઝિશનિંગ અને રિમોટલી ઓપરેટેડ અંડરવોટર સિસ્ટમ્સ (ROVs) જેવી એડવાન્સ સુવિધાઓ છે. નૌકાદળના વડાના જણાવ્યા મુજબ, INS નિપુણના આવવાથી ભારતીય નૌકાદળની સબમરીન બચાવ ક્ષમતામાં મોટો વધારો થયો છે. આ ક્ષમતા ભારતને પ્રદેશમાં 'પ્રિફર્ડ સબમરીન રેસ્ક્યૂ પાર્ટનર' તરીકે ઉભરી આવવામાં અને મિત્ર દેશોને મદદ કરવામાં સહાયરૂપ બનશે. જહાજનો મુદ્રાલેખ 'Far Beneath, Few Beyond' દરિયાના ઊંડાણમાં પડકારજનક કામગીરી કરવા માટેની કુશળતા અને શક્તિ દર્શાવે છે.

સપ્ટેમ્બરમાં પણ સામાન્ય કરતા ઓછો વરસાદ થવાની આગાહી

અલ-નીનોને કારણે સપ્ટેમ્બરમાં એલપીએના ૯૧ ટકા વરસાદ થવાની શક્યતા

ઓગસ્ટ મહિનો ૧૯૦૧ પછીનો સૌથી ગરમ ઓગસ્ટ પુરવાર થયો

નવી દિલ્હી, તા. ૩૧(PTI): ભારતીય હવામાન વિભાગ(IMD) એ સોમવારે તેના માસિક પૂર્વાનુમાનમાં જણાવ્યું છે કે સમગ્ર ભારતમાં સપ્ટેમ્બર મહિના દરમિયાન માસિક વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાની સૌથી વધુ શક્યતા છે.

IMD એ એમ પણ કહ્યું કે ભારતમાં ૨૦૨૬ના ઓગસ્ટ મહિનામાં ૧૯૦૧ પછીનો સૌથી ગરમ ઓગસ્ટ અનુભવાયો હતો, જેમાં સરેરાશ તાપમાન ૨૮.૦૧ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે સપ્ટેમ્બરમાં વરસાદ લાંબા ગાળાની સરેરાશ(LPA)ના ૯૧ ટકાથી ઓછો રહેવાની અપેક્ષા છે. LPA એટલે કે કોઈ ચોક્કસ પ્રદેશમાં ચોક્કસ સમયગાળા (જેમ કે એક મહિનો અથવા ઋતુ) માટે નોંધાયેલા વરસાદની લાંબા ગાળાની સરેરાશ, જે સામાન્ય રીતે ૩૦ થી ૫૦ વર્ષના ડેટા પર આધારિત હોય છે.

અલ-નીનોને કારણે દેશમાં ઓગસ્ટ મહિનો સૂકો રહ્યો

IMD એ જણાવ્યું કે આ મહિનામાં ૨૧૩.૩ મીમી વરસાદ નોંધાયો હતો - જે ૨૦૦૧ પછીનો સાતમો સૌથી ઓછો વરસાદ છે. આ વરસાદ ઓગસ્ટના દેશના સરેરાશ વરસાદ કરતા ૧૬ ટકા ઓછો છે. વળી, અસમાન વહેંચણીને કારણે દેશના કેટલાક ભાગોમાં તો આના કરતા પણ ઘણો ઓછો વરસાદ થયો છે. સામાન્ય કરતાં ઓછા વરસાદનું મુખ્ય કારણ વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગર પર પ્રવર્તી રહેલી મધ્યમથી મજબૂત 'અલ નિનો'ની સ્થિતિ હતી. આ ઉપરાંત, ઓગસ્ટ દરમિયાન ચાર લઘુદાબ પટ્ટા બન્યા હતા અને તે કુલ ૨૬ દિવસ સુધી સક્રિય રહ્યા હોવા છતાં, તેમની વરસાદી પ્રવૃત્તિ મોટાભાગે ઇન્ડો-ગંગાના મેદાની વિસ્તારો સુધી જ સીમિત રહી હતી, જેના કારણે દેશના અન્ય ભાગોમાં વરસાદની અછત સર્જાઈ હતી.

સિંધુ જળ સંધિ અંગેનો વર્લ્ડ બેન્ક રચિત કોર્ટનો ચુકાદો ભારતે ફગાવ્યો

વર્લ્ડ બેન્ક દ્વારા રચવામાં આવેલી લવાદ અદાલતે ભારતને કરાર કાર્યરત રાખવા જણાવ્યું

ભારતે કહ્યું કે જળ-વહેંચણી કરાર સ્થગિત રહેશે, આ કોર્ટને ગેરકાયદે રીતે રચાયેલી ગણાવી

નવી દિલ્હી, ૩૧: ભારતે સોમવારે સિંધુ જળ સંધિ સંબંધિત વિશ્વ બેંક દ્વારા રચાયેલી 'કોર્ટ ઓફ આર્બિટ્રેશન'ના ચુકાદાને ફગાવી દીધો છે. ભારતે આ સંસ્થાને "ગેરકાયદેસર રીતે ગઠિત" ગણાવી છે અને સ્પષ્ટ કર્યું છે કે જળ-વહેંચણી કરારને સ્થગિત રાખવાનો તેનો નિર્ણય "ચાલુ જ રહેશે". વિદેશ મંત્રાલય તરફથી આ કડક પ્રતિક્રિયા લવાદ સમિતિના ચુકાદા પછી તુરંત આવી હતી. આ સમિતિએ પોતાના ચુકાદામાં કહ્યું હતું કે સિંધુ જળ સંધિ હજુ પણ અમલમાં છે અને તેણે ભારતને જમ્મુ અને કાશ્મીરમાં એક હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ પર કામ મર્યાદિત કરવા જણાવ્યું હતું. આ પેનલે એવો પણ તર્ક આપ્યો હતો કે કરારને સ્થગિત રાખવા પાછળનું નવી દિલ્હીનું કારણ આ સંધિને "સ્થગિત કરવા કે સમાપ્ત કરવા માટે યોગ્ય નથી" અને આ કરાર પૂર્ણપણે કાર્યરત રહેવો જોઈએ તેમજ ભારતે તેની જવાબદારીઓનું પાલન ચાલુ રાખવું જોઈએ. જો કે, ભારતે આ ચુકાદા અને તેને જારી કરનારી સંસ્થાના અધિકારક્ષેત્ર–બંનેનો અસ્વીકાર કર્યો છે. સરકારે જણાવ્યું કે, "આજે, ગેરકાયદેસર રીતે રચાયેલી કહેવાતી 'કોર્ટ ઓફ આર્બિટ્રેશન'એ સિંધુ જળ સંધિની વચગાળાના ઉપાયો અને સ્થિતિ અંગે જેને તે ચુકાદો કહી રહી છે, તે જારી કર્યો છે."

હવે H-4 વિઝા ધારકોની વર્ક પરમિટ નાબૂદ કરવાની ટ્રમ્પ પ્રશાસનની હિલચાલ

H-4 વિઝા એ H-1B વિઝા ધારકોના જીવનસાથી માટેના વિઝા છે અને અત્યાર સુધી આ વિઝા પર આવેલા લોકોને પણ અમેરિકામાં કામ કરવાની છૂટ હતી

H-1B વિઝા ધારકોના જીવનસાથીઓને અમેરિકામાં નોકરી કરવાની છૂટ હવે રદ કરવાનો પ્રસ્તાવ, જો આ મંજૂર થાય તો ભારતીયને મોટા પ્રમાણમાં અસર થઇ શકે

વૉશિંગ્ટન, તા. ૩૧: ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન અમેરિકામાં H-1B વિઝા ધારકોના જીવનસાથી માટે વર્ક પરમિટ નાબૂદ કરવાના નવા નિયમની યોજના બનાવી રહ્યું છે. આ પગલું પાછલા એક દાયકા કરતાં વધુ સમયથી પાત્ર H-4 જીવનસાથીઓને અમેરિકામાં કાયદેસર રીતે કામ કરવાની છૂટ આપતી નીતિને ઉથલાવી શકે છે. આ નિર્ણયથી ભારતીય H-1B વ્યાવસાયિકો પર નોંધપાત્ર અસર પડી શકે છે, કારણ કે તેમના ઘણા જીવનસાથીઓ H-4 વિઝા ધરાવે છે અને તેમને 'એમ્પ્લોયમેન્ટ ઓથોરાઇઝેશન ડોક્યુમેન્ટ્સ'(EADs) મળેલા છે, જે તેમને અમેરિકામાં કાયદેસર રીતે કામ કરવાની મંજૂરી આપે છે.

H-1B અસ્થાયી વર્ક વિઝા પર અમેરિકામાં કાર્યરત ભારતીય વ્યાવસાયિકોના જીવનસાથીઓ માટે H-4 વિઝા ખૂબ જ લોકપ્રિય છે. 2014થી 2017 વચ્ચેના H-4 EAD અરજીઓના ડેટા દર્શાવે છે કે તેમાંથી 93% અરજદારો ભારતીય નાગરિકો હતા, જેમાં 94% મહિલાઓ હતી. આ પ્રસ્તાવ 'ઓફિસ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ રેગ્યુલેટરી અફેર્સ' હેઠળની વેબસાઈટ પર સૂચિબદ્ધ કરવામાં આવ્યો છે, પરંતુ તે જાહેર કરવા માટે કોઈ ચોક્કસ તારીખ નક્કી કરવામાં આવી નથી.

આ પગલું એવા સમયે આવ્યું છે જ્યારે ટ્રમ્પ પ્રશાસને H-1B વિઝા દ્વારા મળતા રોજગાર પર નિયંત્રણો લાદવાના પ્રયાસો ફરી શરૂ કર્યા છે. DHS એ તાજેતરમાં નવા કર્મચારીઓ માટે 103,265 ડોલરની નવી ફીનો પ્રસ્તાવ મૂક્યો હતો, જ્યારે વ્હાઇટ હાઉસે નોકરી ગુમાવ્યા બાદ H-1B વિઝા ધારકોને નવો સ્પોન્સર શોધવા માટે મળતા 60 દિવસના ગ્રેસ પીરિયડને નાબૂદ કરવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી દીધી છે.

જો કે, આ પ્રસ્તાવ સત્તાવાર રીતે અપનાવવામાં આવે તે પહેલાં હજુ લાંબી પ્રક્રિયા બાકી છે. પરંતુ જો પ્રશાસન આ પ્રસ્તાવિત નિયમ સાથે આગળ વધશે, તો પાત્ર H-4 જીવનસાથીઓ વર્તમાન H-4 EAD પ્રોગ્રામ હેઠળ કામ કરવાની સત્તા મેળવવાની અથવા તેને જાળવી રાખવાની ક્ષમતા ગુમાવી શકે છે.ઓફિસ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ રેગ્યુલેટરી અફેર્સની વેબસાઈટ પર પોસ્ટ કરવામાં આવેલી નોટિસમાં, DHS નોકરી માટે અરજી કરવા માટે પાત્ર વિદેશી નાગરિકોની શ્રેણીમાંથી H-1B વર્કર્સના અમુક H-4 આશ્રિત જીવનસાથીઓને હટાવવાનો પ્રસ્તાવ મૂકી રહ્યું છે.

ચાલુ સ્લીપર બસમાં સગીરા પર સામૂહિક બળાત્કાર

ગ્રેટર નોઇડામાં નિર્ભયા કાંડ જેવી બર્બરતા ડ્રાઇવર અને કંડક્ટરે હવસનો શિકાર બનાવી કાશ્મીરી ગેટ નજીક છોડી દીધી; પોલીસે બંને આરોપીઓની કરી ધરપકડ

નવી દિલ્હી, તા. ૩૧ (પીટીઆઈ): ચાલુ મહિનાની શરૂઆતમાં એક વરસાદી રાત્રે ગ્રેટર નોઇડામાં સ્લીપર બસમાં સવાર થયેલી ૧૬ વર્ષની એક સગીરા પર બસના કંડક્ટર અને ડ્રાઇવર દ્વારા કથિત રીતે સામૂહિક બળાત્કાર આચરવામાં આવ્યો હતો અને તેને ૪૦ કિમીથી વધુ દૂર જૂની દિલ્હીના કાશ્મીરી ગેટ નજીક છોડી દેવામાં આવી હતી. એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે, બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને ઉમેર્યું કે જ્યારે છોકરી સાથે બળાત્કાર થયો ત્યારે બસ ચાલી રહી હતી.

દિલ્હીમાં ૨૦૧૨માં થયેલા નિર્ભયા કાંડ તરીકે જાણીતા સામૂહિક બળાત્કાર અને હત્યાના પીડાદાયક સંસ્મરણો તાજા કરનારો આ ગુનો ૪ ઓગસ્ટની રાત્રે બન્યો હતો.

પોલીસે જણાવ્યું કે, માતા દ્વારા ઠપકો આપ્યા બાદ અસ્વસ્થ થયેલી ઉત્તર પ્રદેશના મૈનપુરીની છોકરી ઘર છોડીને નોઇડા સેક્ટર ૬૩ જવા માટે બસમાં બેઠી હતી, જ્યાં તેનો પિતરાઈ ભાઈ રહે છે.

ધોરણ ૧૧માં અભ્યાસ કરતી આ વિદ્યાર્થિનીએ પોલીસને જણાવ્યું કે, તે રાત્રે આશરે ૯ વાગ્યે ભારે વરસાદ વચ્ચે ભૂલથી ગ્રેટર નોઇડાના પરી ચોક ખાતે ઊતરી ગઈ હતી.

મુશળધાર વરસાદમાં ઊભેલી છોકરીને જાણ થઈ કે તે હજી પણ તેના પિતરાઈ ભાઈના ઘરથી લગભગ ૨૫ કિમી દૂર હતી. જ્યારે તે ત્યાં પહોંચવા માટે વાહનની શોધ કરી રહી હતી ત્યારે તેની નજીક એક બસ આવીને ઊભી રહી. પોલીસના જણાવ્યા અનુસાર, કંડક્ટરે કથિત રીતે તેને કહ્યું કે, તેઓ સેક્ટર ૬૩ તરફ જઈ રહ્યા છે અને તેને ત્યાં ઉતારી દેશે. તેના શબ્દો પર વિશ્વાસ કરીને છોકરી બસમાં બેસી ગઈ.

જોકે, તે રાત્રે બસ નિયમિત પેસેન્જર સેવા પર નહોતી.

પાકિસ્તાનમાં 125 વર્ષ જૂનું હિન્દુ મંદિર તોડી પડાયું

લઘુમતી સંગઠનોનો કટ્ટરપંથીઓ પર આરોપ, સરકાર કહે છે- ભારે વરસાદથી મંદિર તૂટ્યું

મંદિરની જમીન મદરેસામાં સામેલ કરવાના પ્રયાસનો દાવો

લાહોર, તા. 31 (પીટીઆઈ): પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં 100થી 125 વર્ષ જૂના હિન્દુ મંદિરને તોડી પાડવામાં આવ્યું હોવાના અહેવાલથી લઘુમતી સમુદાયમાં રોષ ફેલાયો છે. સ્થાનિક લોકો, લઘુમતી સંગઠનો અને એક રાજકીય પક્ષનો આરોપ છે કે કેટલાક ધાર્મિક કટ્ટરપંથીઓએ મંદિર તોડી તેની જમીન નજીક આવેલી મદરેસામાં સામેલ કરવાનો પ્રયાસ કર્યો હતો.

જોકે, પાકિસ્તાન સરકારના અધિકારીઓનું કહેવું છે કે ભારે વરસાદને કારણે મંદિર ધરાશાયી થયું હતું.

લાહોરથી આશરે 130 કિમી દૂર નરોવાલના સિરાજ ગામમાં આશરે 1,000 ચોરસ મીટર જમીન પર આ પ્રાચીન મંદિર આવેલું હતું. 21 ઓગસ્ટે મંદિર તોડી પાડવામાં આવ્યું હોવાનું કહેવાય છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, આ ઘટનામાં પ્રતિબંધિત કટ્ટરપંથી ઈસ્લામિક સંગઠન તહરીક-એ-લબ્બૈક પાકિસ્તાન (TLP) સાથે જોડાયેલા લોકો સામેલ હતા.

વિદ્યાર્થીઓ સામેની FIR પાછી ખેંચવા કેન્દ્રની અરજી

આજથી સુપ્રીમમાં સુનાવણી

NEET આંદોલનકારી વિદ્યાર્થીઓ સામેની FIR રદ ન થતાં સીજેપીએ 5 સપ્ટેમ્બરે દિલ્હીમાં વિરોધ માર્ચની જાહેરાત કરી હતી

એફઆઈઆર કરવા અંગેની દિલ્હી પોલીસ દ્વારા દાખલ કરવામાં આવી છે

નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ): NEET પરીક્ષાના પેપર લીક અને પરીક્ષામાં ગેરરીતિઓના વિરોધમાં આંદોલન કરનારા વિદ્યાર્થીઓ સામે નોંધાયેલી FIR રદ કરવાની કેન્દ્ર સરકારની અરજી પર સુપ્રીમ કોર્ટ 1 સપ્ટેમ્બરે સુનાવણી કરવા સંમત થઈ છે.

ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચે આ મામલે તાત્કાલિક સુનાવણીની માગણીને સ્વીકારી હતી.

દિવસની કાર્યવાહી પૂરી થવાની હતી ત્યારે સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું કે કેન્દ્ર સરકાર FIR રદ કરવા માટે ઈન્ટરલોક્યુટરી એપ્લિકેશન દાખલ કરવા માગે છે અને બંધારણની કલમ 142નો ઉપયોગ કરી રહી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો બંને પક્ષો વચ્ચે સમાધાન થઈ રહ્યું હોય તો તેને કોઈ વાંધો નથી અને મંગળવારે મામલો સુનાવણી માટે મૂકવાની મંજૂરી આપી.

આ મામલો એવા સમયે સામે આવ્યો છે જ્યારે કોંક્રોચ જતના પાર્ટી (CJP) એ 5 સપ્ટેમ્બરે દિલ્હીમાં વિરોધ માર્ચની જાહેરાત કરી છે.

સંગઠનનો આરોપ છે કે 25 જુલાઈએ આંદોલન સમાપ્ત કરાવવા કેન્દ્રે કરેલા વચનો હજુ પૂરા થયા નથી. માર્ચનું નેતૃત્વ NEET પરીક્ષા રદ થયા બાદ અને પુનઃપરીક્ષા પછી આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓના પરિવારો તેમજ જુલાઈના આંદોલન દરમિયાન પોલીસ કાર્યવાહીનો ભોગ બનેલા વિદ્યાર્થીઓના પરિવારો કરશે.

સુપ્રીમ કોર્ટે અગાઉ NEET-UG પેપર લીક અને વિરોધ દરમિયાન પોલીસની કથિત કાર્યવાહી સહિતના મુદ્દાઓની તપાસ માટે પૂર્વ જસ્ટિસ આર. સુભાષ રેડ્ડીના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય સમિતિ બનાવી હતી.

3 ઓગસ્ટે કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે ગંભીર ગુનાઓ સાથે સંકળાયેલા ન હોય તેવા વિદ્યાર્થીઓ સામેની FIR કાયદા મુજબ બંધ અથવા પાછી ખેંચી શકાય છે. દિલ્હીમાં 20 જુલાઈના સંસદ માર્ચ દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. 20 જૂને શરૂ થયેલું 36 દિવસનું આંદોલન 25 જુલાઈએ સમાપ્ત થયું હતું.

પેજ 3

સુનીતાએ કૃષ્ણા-આરતી સાથે ઉજવી રક્ષાબંધન, ગોવિંદાની ગેરહાજરી

મુંબઈ, તા. 31: ગોવિંદા અને સુનીતા આહુજાના લગ્નજીવનમાં ચાલી રહેલા મતભેદો વચ્ચે રક્ષાબંધનના તહેવારે પરિવારનું ગેટ-ટુગેધર જોવા મળ્યું હતું. સુનીતા આહુજાએ દીકરી ટીના અને પુત્ર યશવર્ધન સાથે રાખડીની ઉજવણી કરી હતી. આ પ્રસંગે ગોવિંદાનો ભાણેજ કૃષ્ણા અભિષેક અને તેની બહેન આરતી સિંહ પણ પરિવાર સાથે જોડાયાં હતાં. ટીનાએ સોશિયલ મીડિયા પર ઉજવણીની તસવીરો શેર કરી હતી, જેમાં સુનીતા, કૃષ્ણા, યશવર્ધન અને તે કેમેરા સામે પોઝ આપતાં જોવા મળ્યાં હતા. જોકે, પરિવારની આ ઉજવણીમાં ગોવિંદા ગેરહાજર રહ્યો હતો. સુનીતા અને ગોવિંદાના સંબંધોમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા મતભેદો વચ્ચે તેની ગેરહાજરીએ ફરી ચર્ચા જગાવી છે. અગાઉ બંનેએ જાહેરમાં એકબીજા અંગે નિવેદનો કર્યા બાદ પરિવારના અન્ય સભ્યો પણ આ મામલે સવાલોના ઘેરામાં આવ્યા હતા.

બ્રેન સ્ટ્રોક બાદ બદલાઈ ગયું રાહુલ રોયનું જીવન, સ્મોકિંગ છોડ્યું, વેગન બન્યો



મુંબઈ, તા. 31: 'આશિકી' ફેમ અભિનેતા રાહુલ રોયે 2020માં આવેલા બ્રેન સ્ટ્રોક બાદ પોતાના જીવનમાં અનેક મોટા ફેરફાર કર્યા છે. તાજેતરના ઇન્ટરવ્યૂમાં તેણે જણાવ્યું કે સ્ટ્રોક બાદ આજે પણ તેને બોલવામાં તકલીફ પડે છે, પરંતુ હવે સ્થિતિ પહેલાં કરતાં ઘણી સારી છે. કારગિલમાં ફિલ્મના શૂટિંગ દરમિયાન બ્રેન સ્ટ્રોક આવ્યા બાદ રાહુલને ફરીથી ચાલતા-બોલતા શીખવાની પણ ચિંતા હતી. તેણે જણાવ્યું કે અગાઉ તે ખૂબ સ્મોકિંગ કરતો હતો અને નોન-વેજિટેરિયન હતો, પરંતુ હવે સંપૂર્ણ વેગન બની ગયો છે.